**બિડાણઃ** સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૯.૦૯.૨૦૧૫નો પત્ર ક્રમાંકઃ પરચ/ ૧૩૨૦૧૫/ ૨૨૨૫ /મ.૩

**વિષયઃ** ગ્રામ્ય કારીગરો માટે ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રની યોજના બાબત..

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ ૧૬૪૦૯-૫૦ /૨૦૧૫.** **તારીખઃ૧૫/૧૦/૨૦૧૫.**

ઈ/ચા.કુલસચિવ
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલઃ** ઉપર મુજબ.

**નકલ સવિનય રવાનાઃ**–અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારુ.

૨/– આ સાથે સામેલ નાયબ સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૨.૦૮.૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : ગવય / ૧૦૯૮ / ૪૪૫ (૩૧૬૨૮૪) / ખ.૧ માં જણાવેલ વિગતો ધ્યાને લઈ અમલ કરવા સારૂ.

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૫/૨૨૨૫/મ.૩

કૃષિ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તા.૨૯/૦૯/૨૦૧૫

પ્રતિ,

- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ / કામધેનૂ યુનિવર્સિટી

➢ ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી સત્વરે કરવા સારૂ.

(સહી)

સેક્શન અધિકારી

કૃષિ અને સહકાર વિભાગ

A3 2

12/X

upload on website

13/10

13/10/15

કૃષિ સચિવ વિભાગ, ન.કૃ.યુ. નવસારી
જ.ઇ.નં. ૭૭૨૮
તા. 13 OCT 2015
એડીએમ-૩ શાખા

12 OCT 2015

ગ્રામ્ય કારીગરો માટે ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રની યોજના બાબત.

**ગુજરાત સરકાર**

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંક : ગવય/૧૦૯૮/જ્ય૫(૩૧૬૨૮૪)/ખ.૧

સચિવાલય, ગાંધીનગર

તા. ૧૨/૦૮/૨૦૧૫

**વંચાણે લીધા:-**

૧. ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા. ૨૫/૧૧/૧૯૯૨ નો ઠરાવ ક્રમાંક : સીએફસી/૧૦૮૨/૫૨૯૨/ખ

૨. ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા. ૬/૧૨/૧૯૯૫ નો ઠરાવ ક્રમાંક : રગઉ/૧૧૯૨/૨૧૪૫/ખ

૩. ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા. ૨/૨/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક : ગવય/૧૦૯૮/જ્ય૫/ખ.૧

૪. ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા. ૧૬/૩/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક : ગવય/૧૦૯૮/જ્ય૫/ખ.૧

૫. ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા. ૬/૫/૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક : ગવય/૧૦૦૮/જ્ય૫/ખ.૧

૬. ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૧૬/૦૨/૨૦૦૬ની યાદી ક્રમાંક: આરટીઆઇ /૧૦૨૦૦૫ /૧૫૧૬/ખ.૧

૭. ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૩૦/૦૮/૨૦૦૬ની યાદી ક્રમાંક : આરટીઆઇ /૧૦૨૦૦૫ /૧૫૧૬/ખ.૧

૮. કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરીની સિંગલ ફાઇલ સીસ્ટમથી તા. ૧૦/૨/૨૦૧૫ થી મળેલ અવિધિસર નોંધ.

૯. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૪/૦૭/૨૦૧૫નો પત્ર ક્રમાંક: SCB-102015(24)(541730)(part-I)-C.U.

**આમુખ :**

સંદર્ભ (૧) હેઠળના ઠરાવથી ગ્રામ્ય કારીગરોને એકજ સ્થળે તેમના ધંધાને અનુરૂપ પ્રાથમિક સુવિધા મળી રહે તે હેતુથી કોમન વર્કશેડ યોજના મંજુર કરવામાં આવેલ. સંદર્ભ (૨) હેઠળના ઠરાવથી રાજયમાં ગ્રામ્ય કક્ષાએ ગ્રામ્ય અને કુટિર ઉદ્યોગક્ષેત્રે રોકયેલ કારીગરોને એકજ સ્થળે તેમના ધંધાને અનુરૂપ વિવિધ અને માળખાકીય સુવિધાઓ જેવી કે, ડીઝાઇન સપોર્ટ, અદ્યતન ટેકનોલોજી, તાલીમ, જરૂરી નાણાંકીય વ્યવસ્થા, ઉત્પાદીત માલની વેચાણની સુવિધા વગેરે મળી રહે તે હેતુથી ગ્રામોદ્યોગ વિકાસ યોજના મંજુર કરવામાં આવી હતી. ઉકત બન્ને યોજનાઓના હેતુ મહદઅંશે સમાન પ્રકારના હોવાથી આ બન્ને યોજનાઓ સંદર્ભ (૩) ના ઠરાવથી સંયોજીત કરી ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર નામાભિધાન રાખવામાં આવેલ.

સંદર્ભ (૪) ના ઠરાવથી ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રના બાંધકામની કામગીરી ગ્રીમકો અથવા માર્ગ અને મકાન વિભાગ અથવા સંબંધિત સંસ્થાએ કરવાની રહેશે અને તેનું નિરીક્ષણ માર્ગ અને મકાન, રાજય કે પંચાયતના ઇજનેર મારફત કરવાનું રહેશે. સંદર્ભ (૫) થી યોજનાના ઢાંચામાં નિયત કરેલ રકમની મર્યાદામાં વધારો કરવામાં આવેલ. સંદર્ભ (૬) થી ગ્રામ ટેકનોલોજી સંસ્થાનના સિવિલ એન્જિનિયરો મારફત વિવિધ યોજનાઓના બાંધકામ તેમજ અન્ય તાંત્રિક કામગીરી કરાવવાનું ઠરાવવામાં આવેલ હતું. સંદર્ભ (૭) થી બાંધકામના સમયગાળા દરમ્યાન સંસ્થાના સીવીલ એન્જીનિયર મારફતે નિશ્ચિત થયેલ કામગીરી માટે કુલ બાંધકામના ૨ ટકા લેખે સુપરવિઝન ચાર્જીસ જે તે યોજનાના બજેટ સદરમાંથી કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગે ચૂકવવાના રહેશે એવુ ઠરાવવામાં આવેલ હતું.

સંદર્ભ (૮) થી કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરીની દરખાસ્તથી યોજનાના ઢાંચામાં પુન: નિયત કરેલ રકમની મર્યાદામાં સુધારો કરવાની બાબત તથા સંદર્ભ (૯) ના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૭/૨૦૧૫ના પત્ર અન્વયે આ યોજનાનો સંકલિત ઠરાવ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

એચ-૨૩૪

ઠરાવ :-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઉપર્યુકત સંદર્ભો પરત્વે **'ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રની યોજના'** નો સુધારા સાથેનો સંકલિત ઠરાવ નીચે પ્રમાણે અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

**૧. યોજનાનો હેતુ :-**

આ યોજનાનો હેતુ ગ્રામ્ય કક્ષાએ ગ્રામ્ય કારીગરોને રોજગારી પ્રદાન કરવાનો રહેશે. આ માટે ગ્રામ્ય કારીગરોને એકજ સ્થળેધંધાને અનુરૂપ પ્રાથમિક સુવિધાઓ જેવી કે મશીનરી, ગોડાઉન, ધંધાની તાલીમ, ડીઝાઇન સપોર્ટ, અદ્યતન ટેકનોલોજી, જરૂરી નાણાંકીય વ્યવસ્થા વગેરે ઉપલબ્ધ કરાવવાનો છે.

**૨. યોજના માટેની પાત્રતા :-**

ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર ગ્રામ્ય કારીગરોને સંગઠિત કરી ઉત્પાદન કરવા માટેની કામગીરી કોઇ પણ નોંધાયેલ ટ્રસ્ટ, સહકારી મંડળી અથવા સરકાર દ્વારા સ્થાપિત નિગમ અથવા સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ નીચે નોંધાયેલ સોસાયટી કરી શકશે. આ માટે કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરને નિયત નમૂનામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફત દરખાસ્ત કરી મંજૂરી મેળવવાની રહેશે.

(અ) ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રની માંગણી કરનાર સંસ્થા – મંડળી પાસે માલિકીની જમીન હોવા માટેના મહેસુલી આધારો જેવા કે ગામ નમુના નં. ૭/૧૨ ની નકલ, ૮–અ નો ઉતારો અને હક પત્રકની નોંધની તમામ નકલો રજુ કરવાની રહેશે.

(બ) ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર મંજુર થયેથી, બાંધકામ હેઠળની જમીન અને મકાનની માલિકીના હક્ક, કમિશનરશ્રી,કુટિર અને ગ્રામોદ્યોગ ગુજરાત રાજ્ય ગાંધીનગરનો ૧૦ (દશ) વર્ષ સુધી રહેશે જેની નોંધ મહેસુલી દફતરે બીજા હકમાં કરાવવાની રહેશે. ૧૦ ( દશ) વર્ષ બાદ સંસ્થા/ મંડળીએ પોતે સ્વતંત્ર રીતે ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રની પ્રવૃત્તિ ચલાવવાની રહેશે અને ત્યારબાદ બીજા હક્કે દાખલ થયેલ કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગનું નામ , મહેસુલી દફતરમાંથી કમી કરાવવા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે, કમિશનરશ્રી,કુટિર અને ગ્રામોદ્યોગ ને દરખાસ્ત કરવાની રહેશે.

(ક) ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર માટે શક્ય હોય ત્યાં સરકારી જમીન મેળવવાની રહેશે અને આવશ્યકતા ઉપસ્થિત થયે ખાનગી જમીન પણ ખરીદી શકાશે. પણ જ્યાં ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રની સ્થાપના સહકારી મંડળી દ્વારા થયેલ હોય ત્યાં ઔદ્યોગિક સહકારી મંડળીઓ માટેની પેકેજ યોજના હેઠળ મળવાપાત્ર લાભ તે કેન્દ્રની પ્રવૃત્તિ માટે મળી શકશે.આ માટે આવરી લેવામાં આવેલ કારીગરોને સહકારી મંડળીના સભ્ય બનાવવાના રહેશે.તથા ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર માટે મંજૂરી મેળવવાની રહેશે.

(ડ) આ ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રનો લાભ, કુટિર ઉદ્યોગની બેંકેબલ યોજના હેઠળ આવરી લેવાયેલ તમામ કુટિર ઉદ્યોગો, ઔદ્યોગિક સહકારી મંડળીઓ દ્વારા ચાલતી તમામ પ્રવૃત્તિ, હસ્તકલા, હાથશાળ અને ચર્મોદ્યોગ હેઠળ આવરી લેવાયેલ તમામ પ્રવૃત્તિ, ખાદી અને ગ્રામોદ્યોગ હેઠળ આવરી લેવાયેલ પ્રવૃત્તિ, કુટિર અને ગ્રામોદ્યોગ ક્ષેત્ર હેઠળની અન્ય તમામ પ્રવૃત્તિઓમાં રોકાયેલ સ્વરોજગારી કરતા કારીગરોને આપી શકાશે.કારીગરોને ગ્રામ વિકાસ કેન્દ્ર ની અંદર જગ્યા આપવી કે નહીં તે અંગેનો નિર્ણય જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ના જનરલ મેનેજર કરશે. અને જરૂરિયાત ઉભી થયેથી કમિશનરશ્રી, કુટિર ઉદ્યોગ આ બાબતે જરૂરી નિર્દેશ જનરલ મેનેજર ને આપી શકશે.

(ઇ) ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રની કામગીરી શરૂ થયા બાદ તેમાં રોજબરોજના વહીવટી સંચાલનની કામગીરી કારીગરોને આ વર્કશેડમાં સવલત આપવામાં આવી હશે તેવા કારીગરોના બનેલા સ્થાનિક ગ્રામ્ય કારીગરો એસોશીએશનને સોંપી શકશે. આવા એસોસીએશનની રચના કરવાની કાર્યવાહી જનરલ મેનેજર એ કરવાની રહેશે તેમજ જરૂર જણાયે સદરહુ ગ્રામ વિકાસ કેન્દ્રનું વહીવટી સંચાલન આ ક્ષેત્ર હેઠળના નિગમ અથવા અન્ય સંસ્થાને પણ સોંપી શકાશે. આ એસોસીએશન અથવા વહીવટી સંસ્થા ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રના રોજબરોજના વહીવટી સંચાલન માટે અને ઇલેક્ટ્રીસીટી તેમજ અન્ય સામાન્ય સગવડો સબંધે થનાર ખર્ચને પહોંચી

વળવા માટે નક્કી કરેલા ધોરણે સર્વિસ ચાર્જ લઇ શકશે. આવી રીતે ઉઘરાવેલ સર્વિસ ચાર્જ એસોસીએશન વહીવટી સંસ્થામાં જમા થશે. અને સદરહુ ભંડોળમાંથી સામાન્ય સવલતોના ખર્ચને પહોંચી વળવાનું રહેશે. આવા ખર્ચ માટે સરકારશ્રી તરફથી વધારાની કોઇ સહાય મળવાપાત્ર થશે નહીં.

**૩. યોજના માટેની સવલતો :-**

૧. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર જે તે વિસ્તારની સ્થાનિક જરૂરિયાત અને પરિસ્થિતિને ધ્યાને લઇને બાંધવાના રહેશે. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રની વિગતો જેવી કે તેના કેન્દ્ર ડીઝાઇનની વિગતો તેમજ તે બાંધવાની સ્થળની વિગતો, કમિશનરશ્રી,કુટિર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરને પુરી પાડવાની રહેશે.

૨. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રનો ઉપયોગ જુદા જુદા ગ્રામ્ય કારીગરોના ગ્રામોદ્યોગ વિકાસ માટે કરવાનો હોઇ, સ્થાનિક કક્ષાએ કારીગરોના ઉદ્યોગ પ્રકારને અનુલક્ષીને વર્કશેડની સાઇઝ અને ડીઝાઇન નક્કી કરવાની રહેશે. જે કમિશનરશ્રી,કુટિર ઉદ્યોગ નક્કી કરશે. જેની વિગતો સ્થળ (લોકેશન) વગેરેની માહિતી સરકારને પુરી પાડવાની રહેશે.

૩. ઓછામાં ઓછા ૨૫ કારીગરો બેસી સ્વતંત્ર રીતે કામગીરી કરી શકે તેવો વર્કશેડ, ઓફીસ, ગોડાઉન અને સંડાસ –બાથરૂમની સગવડ સહિત અંદાજે ૧૦૦૦ થી ૧૨૦૦ ચો.ફૂટમાં બાંધકામ આર.સી.સી. સ્લેબથી કરવાનું રહેશે. બાંધકામ વિદ્યુત જોડાણ વિગેરેનો વધારાનો ખર્ચ આવે તો તે જે તે સંસ્થા ટ્રસ્ટ મંડળીએ ભોગવવાનો રહેશે. અને તે અંગેની સંસ્થાએ લેખિત બાંહેધરી આપવાની રહેશે.

૪. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રમાં જે કારીગરોનો સમાવેશ કરવામાં આવનાર હોય તેની આવશ્યકતા મુજબ દરેક કારીગરોને ફાળવવાની જગ્યાની સાઇઝ નક્કી કરીને જરૂર જણાય તો પાર્ટીશન કરવાના રહેશે. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રનું ફ્લોરીંગ વોટરપ્રૂફ કરવાનું રહેશે.

૫. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર માટે ઓફીસ રૂમ, સંડાસ, બાથરૂમ, વીજળી પાણી વગેરે સામાન્ય સવલતો પણ ધ્યાનમાં લેવાની રહેશે. કાચો માલ અને તૈયાર માલ રાખવા કોમન સ્ટોર્સની પણ સગવડ કરવાની રહેશે અને તેના અંદાજો પણ તેમાં મૂકવાના રહેશે.

૬. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રના બાંધકામના વિગતવાર પ્લાન એસ્ટીમેટ તૈયાર કરતી વખતે, ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના જે તે વિસ્તારના જે તે વર્ષના એસ.ઓ.આર. ધ્યાનમાં લેવાના રહેશે.

૭. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રનું બાંધકામ પૂર્ણ થયા બાદ કેન્દ્રની પ્રવૃત્તિને કાર્યરત કરવા અંગેની બીજા તબક્કાની સહાયનો ઉપાડ,જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ કમિશનરશ્રી કુટિર અને ગ્રામોદ્યોગ ગાંધીનગરની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ જ આપવાનો રહેશે.

**૪. યોજના માટેનું ફંડ :-**

(ક) ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર યોજના હેઠળ મહત્તમ રૂ.૧૩,૦૦,૦૦૦/(અંકે રૂપિયા તેર લાખ પુરા) સહાયનો ખર્ચ નીચેની વિગતે કરવાનો રહેશે.

| ક્રમ | સહાયનો પ્રભાગ | સહાયની મહત્તમ મર્યાદા રૂ. |
|---|---|---|
| ૧ | ઓફીસ/ગોડાઉન અને વર્કશેડના બાંધકામ તથા વિદ્યુત જોડાણ | ૧૦,૦૦,૦૦૦/– |
| ૨ | તાલીમ અને ડીઝાઇન સહાય | ૭૦,૦૦૦/– |
| ૩ | વહીવટી સહાય | ૪૦,૦૦૦/– |
| ૪ | સાધન ઓજાર સહાય | ૧,૨૦,૦૦૦/– |
| ૫ | રીવોલ્વીંગ ફંડ | ૫૦,૦૦૦/– |
| ૬ | બજાર પ્રોત્સાહન | ૨૦,૦૦૦/– |
| | કુલ રૂ. | રૂ. ૧૩,૦૦,૦૦૦/– |

(ખ) આ ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રનું બાંધકામ ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન અથવા તો સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ મારફત કરાવવાનું રહેશે અને આ કામગીરીને ધ્યાને લઇ, બાંધકામ અંગે નીચેની વિગતે ત્રણ તબક્કામાં ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાનના પ્રમાણપત્રના આધારે ઉપાડ આપવાનો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | પ્લીંથ લેવલ સુધીનું બાંધકામ પૂર્ણ થયેથી | રૂ. ૪,૦૦,૦૦૦/- |
| (૨) | સ્લેબ લેવલ સુધીનું બાંધકામ પૂર્ણ થયેથી | રૂ. ૪,૦૦,૦૦૦/- |
| (૩) | મંજુર થયેલ પ્લાન – એસ્ટીમેટ બાંધકામ પૂર્ણ થયેથી | રૂ. ૨,૦૦,૦૦૦/- |

(ગ) બાંધકામ પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, ગાંધીનગરએ જનરલ મેનેજર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફત કમિશનરશ્રી, કુટિર ઉદ્યોગને પુરું પાડવાનું રહેશે.

(ઘ) ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રને આવરી લેવાયેલ પ્રવૃત્તિઓ કરવા માટે વહીવટી સહાયની રકમ કેન્દ્રની કામગીરી શરૂ થાય અથવા મંજૂરી મળે તે બને માંથી જે મોડું હોય ત્યારથી ત્રણ હપ્તામાં મળવાપાત્ર થશે. આ સહાય ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રની કામગીરીના તમામ સમયગાળા દરમિયાન નીચે મુજબ મળવા પાત્ર રહેશે.

| | | | |
|---|---|---|---|
| (૧) | પ્રથમ હપતો | રૂ. ૧૫,૦૦૦/- | ગ્રામોદ્યોગ કેન્દ્ર કાર્યરત થયેથી |
| (૨) | બીજો હપતો | રૂ. ૧૫,૦૦૦/- | બીજા વર્ષે |
| (૩) | ત્રીજો હપતો | રૂ. ૧૦,૦૦૦/- | ત્રીજા વર્ષની કામગીરી જોઇ, ખર્ચની મર્યાદામાં, |

માંગણી કરનાર સંસ્થાને સીધે સીધા આપવામાં આવશે.

**૫. યોજનાની અન્ય શરતો :-**

૧. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રની ડીઝાઇન કરકસરયુક્ત કરવાની રહેશે. સામાન્યત: તેનું બાંધકામ સ્થાનિક જરૂરિયાત મુજબની સ્થાનિક ડિઝાઇન અનુસાર અને શક્ય હોય ત્યાં સુધી સ્થાનિક ઉપલબ્ધ માલનો ઉપયોગ કરીને કરવાનું રહેશે.

૨. સ્થાનિક આવશ્યકતાઓને ધ્યાને લઇ, એક ગામમાં એકથી વધારે ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર એક સાઇઝના અથવા તો અલગ અલગ સાઇઝના પણ બાંધી શકાશે. પ્રત્યેક જિલ્લામાં એક કે તેથી વધુ ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર બાંધવામાં આવશે.

૩. આ ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રમાં કામ કરતા કારીગરોને કાચામાલની પ્રાપ્તિ અને તૈયાર માલના વેચાણ માટે રાજયના વિવિધ કોર્પોરેશનો અને ટોચની સહકારી સંસ્થાઓ મદદરૂપ થશે.

૪. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રનું સંચાલન અને વહીવટી આગળ નિર્દેશ કર્યા પ્રમાણે કરવાનો રહેશે જેના ઉપર કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગનું નિયંત્રણ રહેશે. એટલે કે ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રનો ઉપયોગ યોગ્ય રીતે થાય છે કે નહીં તેનું નિયંત્રણ કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ કરશે. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્રની માલિકી કમિશનરશ્રી, કુટિર ઉદ્યોગની રહેશે.

૫. આ યોજનાનો અમલ કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા થશે અને તે માટે વખતોવખત જરૂરી અંદાજપત્રીય જોગવાઇ તેમના દ્વારા સરકારશ્રીમાં સુચવવામાં આવશે.અંદાજપત્રીય જોગવાઇને ધ્યાને લઇને ક્યા જિલ્લામાં ક્યા પ્રકારનું ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર મંજુર કરવું તે અંગેનો નિર્ણય કમિશનરશ્રી, કુટિર ઉદ્યોગ કરશે.

૬. ઉત્પાદન માટે જરૂરી કાચા માલની ખરીદી માટે જરૂરિયાતને ધ્યાને લઇ મહત્તમ રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂ. પચાસ હજાર પૂરા) ની મર્યાદામાં રીવોલ્વીંગ ફંડ આપવામાં આવશે જેનો કાર્યકારી મૂડી તરીકે ઉપયોગ કરવાનો રહેશે.

૭. આ યોજના હેઠળ તાલીમ, ગોડાઉન, ઓફીસ માટેની જમીન અને બાંધકામની વ્યવસ્થા ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન અથવા તો સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અથવા સબંધિત સંસ્થા મારફત કરવાની રહેશે. પરંતુ જાહેર સંસ્થાઓ, ટ્રસ્ટ કે સહકારી મંડળીઓ

સદરહુ ગ્રામોદ્યોગ કેન્દ્રની મિલ્કતને વેચાણ તબદીલ કે ગીરો કે અન્ય કોઈપણ રીતે મિલ્કતની તબદીલી થાય તેવું પગલું ભરી શકશે નહીં. તે બાબતે રૂ. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ્ડ કરારનામું સંસ્થાએ કરી આપવાનું રહેશે.

૮. યોજનાના ધારાધોરણ પ્રમાણે ડિઝાઈન સપોર્ટ અને સાધન ઓજારો કે અન્ય બાબતમાં કોઈ વધારાનો ખર્ચ થાય તો તે સંસ્થાએ ભોગવવાનો રહેશે.

૯. યોજનાનો ઢાંચો, બાંધકામ અને સામાન્ય સવલતો વિગેરેમાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈ આ યોજના માટે નક્કી કરેલ મહત્તમ મર્યાદા રૂ. ૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂ. દસ લાખ પૂરા) ને લક્ષમાં રાખી આંતરિક ફેરફાર કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ કરી શકશે.

૧૦. આ યોજનાના અમલ માટે અલગ મહેકમની મંજૂરી મળશે નહીં.

૧૧. સરકારશ્રી તથા કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા વખતોવખત જે શરતો અને બોલીઓ નક્કી કરવામાં આવે તે શરતો અને બોલીઓ સંસ્થા/ મંડળીને બંધનકર્તા રહેશે.

આ યોજના અંગેનો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈમાં નીચે જણાવેલ કરેલ બજેટ સદરે કરવાનો રહેશે.

| | |
|---|---|
| **જનરલ પ્લાન** | **માંગણી ક્રમાંક : ૪૯**<br>૨૮૫૧- ગ્રામ અને લઘુ ઉદ્યોગો<br>૨૦૦-અન્ય ગ્રામીણ ઉદ્યોગો<br>(૦૬) આઇ.એન.ડી. -૨૫-કુટિર અને સુવિધા કેન્દ્રો ઉદ્યોગો માટે<br>(૩૧૩૫) અન્યને જનરલ સહાયક અનુદાન<br>કો.કો. નં -૨૮૫૧ ૦૦ ૨૦૦ ૦૬<br>સ્કીમ નં - ૧૧૩૫૨૪ |
| **ટ્રાયબલ પ્લાન** | **માંગણી ક્રમાંક : ૯૬**<br>૨૮૫૧- ગ્રામ અને લઘુ ઉદ્યોગો<br>૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના<br>(૨૧) આઇ.એન.ડી. -૨૫-કુટિર ઉદ્યોગો માટે સામુદાયિક વર્કશેડ અને સવલત કેન્દ્રો<br>(૩૧૩૫) અન્યને જનરલ સહાયક અનુદાન<br>કો.કો. નં -૨૮૫૧ ૦૦ ૭૯૬ ૨૧<br>સ્કીમ નં - ૧૨૩૫૨૪ |
| **કોમ્પોનન્ટ પ્લાન** | **માંગણી ક્રમાંક : ૯૫**<br>૨૮૫૧- ગ્રામ અને લઘુ ઉદ્યોગો<br>૨૦૦-અન્ય ગ્રામીણ ઉદ્યોગો<br>(૦૫) આઇ.એન.ડી. -૨૫-અનુસૂચિત જાતિ પેટા યોજના કુટિર ઉદ્યોગ માટે સમૂહ કાર્ય છાપરી અને સવલત કેન્દ્ર<br>(૩૩૩૫) સહાયકી (ગ) અન્યને<br>કો.કો. નં -૨૮૫૧ ૦૦ ૨૦૦ ૦૫<br>સ્કીમ નં - ૧૩૩૫૨૪ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૨૧/૦૭/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એ.બી.મુનિ)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

૧. રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર (પત્રથી)
૨. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ સચિવાલય, ગાંધીનગર
૩. માન.મંત્રીશ્રી, કુટીર ઉદ્યોગ, સ્વર્ણિમ સંકુલ ૧ સચિવાલય, ગાંધીનગર
૪. સર્વે માનનીય મંત્રીશ્રીઓ
૫. માન.મંત્રીશ્રી, કુટીર ઉદ્યોગ (રાજ્યકક્ષા), સ્વર્ણિમ સંકુલ ૨, સચિવાલય , ગાંધીનગર
૬. સર્વે માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ
૭. સર્વે માનનીય મુખ્યમંત્રીશ્રીના સંસદીય સચિવશ્રીઓ
૮. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
૯. સામાન્ય વહીવટ વિભાગ, (આયોજન પ્રભાગ) સચિવાલય,ગાંધીનગર.
૧૦. સચિવાલયના સર્વે વિભાગો.
૧૧. અધિક મુખ્ય સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૨. સચિવશ્રી (કુટિર), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૩. સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૧૪. કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ,ગુજરાત રાજ્ય, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
૧૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રેસ કોર્સ રોડ,રાજકોટ,
૧૬. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, ઓડીટ ભવન,નવરંગપુરા, અમદાવાદ
૧૭. નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગુજરાત રાજ્ય અમદાવાદ /ગાંધીનગર
૧૮. માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૧૯. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, તમામ (કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ મારફત)
૨૦. નાણાં સલાહકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨૧. જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તમામ (કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ મારફત)
૨૨. કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વેબ સાઇટ ઉપર મુકવા)
૨૩. સિલેક્ટ ફાઇલ

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.